R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 34 DATE: 24-08-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭





સ્વતંત્રતા પર્વ નિમિત્તે દેશની રાજધાની દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કર્યુ હતું. આ પ્રસંગે તેઓએ દેશની જનતાને સંબોધન કર્યુ હતું.

## ગ્લોબલ ટ્રેડમાંથી ચીન,ભારત અને તુર્કી જેવા દેશોને બહાર કાઢવાની ટ્રમ્પની ધમકી : વિકાસશીલ દેશો રહ્યા નથી છતાં તેઓ ડબલ્યુટીઓમાંથી લાભો મેળવી રહ્યા છે જે યોગ્ય નથી

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન અંગે કહ્યુ હતું કે આ બંને દેશો હવે વિકાસશીલ દેશો રહ્યા નથી. આ સાથે તેમણે એમ પણ કહ્યુ હતું કે તેઓ ડબલ્યુટીઓ તરફથી મળતા લાભો પણ મેળવી રહ્યા છે. અમેરિકા અને ચીન હાલ વ્યાપાર યુધ્ધમાં ઉતર્યા છે.જ્યારથી ટ્રમ્પે ચાઈનીઝ ચીજવસ્તુઓ પર દંડાત્મક ટેરીફ લગાવ્યા છે ત્યારથી આ સ્થિતિ છે. આ અગાઉ જુલાઈમાં ટ્રમ્પે વિશ્વ વ્યાપાર સંગઠનને એ વ્યાખ્યાતિત કરવા માટે કહ્યુ હતું કે તેઓ વિકાસશીલ દેશની સ્થિતિ કઈ રીતે નિર્ધારીત કરે છે. વાસ્તવમાં ટ્રમ્પે આવું ચીન,ભારત અને તુર્કી જેવા દેશોને ગ્લોબલ ટ્રેડમાંથી બહાર કાઢી નાંખવા માટે કહ્યુ હતું. ટ્રમ્પે અમેરિકન વ્યાપાર પ્રતિનિધિ એવા દેશો વિરુધ્ધ દંડાત્મક કાર્યવાહી શરુ કરવાનો અધિકાર આપ્યો હતો. જેઓ ડબલ્યુટીઓના લાભોનો અયોગ્ય ફાયદો ઉઠાવી રહ્યા છે.ટ્રમ્પે કહ્યુ હતું કે ભારત અને ચીન એશીયાના બે આર્થિક દિગ્ગજો છે જેઓ હવે વિકાસશીલ રાષ્ટ્રો નથી અને હવે તેઓ ડબલ્યુટીઓ પાસેથી લાભ ન મેળવી શકે. ટ્રમ્પે આગળ કહ્યુ હતું કે આ દેશો ડબલ્યુટીઓ પાસેથી વિકાસશીલ રાષ્ટ્રના ટેગનો લાભ



ઉઠાવી રહ્યા છે. જેમાંથી અમેરિકાને નુકશાન થઈ રહ્યુ છે. તેમણે કહ્યુ હતું કે તેઓ ભારત અને ચીન દર વર્ષે અમારો લાભ ઉઠાવે છે.

## નારી શક્તિનું સન્માન ના કરે તો એની ઉન્નતિ થાય નહીં : છોટા ઉદેપુરમાં આઝાદી પર્વની ઉજવણી પુર્વે મુખ્યમંત્રી રુપાણીનું નારી સંમેલનમાં સંબોધન

આઝાદી પર્વની પુર્વ સંધ્યાએ છોટાઉદેપુર ખાતે યોજાયેલા નારી સંમેલનને સંબોધતાં મુખ્યમંત્રીશ્રી રુપાણીએ જણાવ્યુ હતું કે રાજ્ય કે ઘરમાં નારી શક્તિનું સન્માન ના કરે તોએની ઉન્નતિ થાય નહીં.છોટાઉદેપુરના ડોન બોસ્કો સ્કુલના પટરાંગણમાં વિશાળ મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં છોટાઉદેપુર જિલ્લામાં કલા કારીગરી થાય અને પીપલ એન્ડ ફોરેસ્ટ પુસ્તકનું વિમોચર મુખ્યમંત્રીના હસ્તે કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રી રુપાણીએ નારી શક્તિને શુભકામનાઓ પાઠવતાં જણાવ્યુ હતું કે આપણા દરેક પર્વમાં નારીનું મહત્વ ઘણું છે.દેવોના નામોમાં



પણ પહેલાં નારીનું નામ ઉચ્ચારાય છે.આઝાદીમેળવવામાં પણ મહિલાઓનો ઘણો મોટો સિંહ ફાળો છે. ૭૩ વર્ષમાં પ્રથમ વખત દેશનું બજેટ મહિલાઓએ રજુ કર્યુ છે.એટલે એ મહિલાઓની મુશ્કેલીઓ ધ્યાનમાં રાખીને બનાવ્યું છે. ભારતના વડા પ્રધાન મોદીને નવું ભારત બનાવવું છે. તેમાં સરકારે સંકલ્પ લીધો છે.બેટી બચાવો,બેટી ભણાવો,મહિલાઓ સશક્ત બને એ ઘણું જરુરી છે.વધુમાં કહ્યુ હતું કે મહિલાઓ પગભર થાય અને વહીવટ કરે એ માટે સરકારી પોસ્ટો પર તેઓની નિમણુંક કરવામાં આવે છે.મહિલાઓને સંરક્ષણ મળે એ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. બાળાઓ પર બળાત્કાર કરનારને ફાંસીની સજા મળશે.મહિલાઓના ગળામાંથી મંગળસુત્ર અને ચેનો તોડનારાઓને પણ સાત વર્ષની સજા થશે.

સરકાર મહિલા સશક્તિકરણ માટે પગલાં ભરી રહ્યું છે અને તેના માટે જાગૃતિ પણ લાવી રહ્યું છે. નારી સન્માન થી દેશનો વિકાસ થશે તેમાં કોઇ બેમત નથી.

## રાજસ્થાનમાં બનેલી મોબ લિચીંગની ઘટનામાં તમામ આરોપીઓને કોર્ટે નિર્દોષ છોડી મુક્યા

૧ એપ્રિલ,૨૦૧૭ની બનેલી મોબ લિચીંગની ઘટના મુજબ આ દિવસે હરિયાણાના નુહ મેવાત જિલ્લાના જયસિંહપુરા ગામના રહેવાસી પહલુખાન પોતાના બે પુત્રો સાથે જયપુર બજારમાં દુધાળા પશુ ખરીદીને પોતાને ઘેર જઈ રહ્યા હતા ત્યારે રાજસ્થાનના અલવરના બહરોડ પાસે એક ભીડે વાહન અટકાવીને પહલુખાન અને તેના પુત્રોને માર માર્યો હતો. સારવાર દરમિયાન પહેલુખાનનું મૃત્યુ નિપજ્યું હતું.

અદાલતે હત્યા કેસમાં વીડીયો ફુટેજને પુરાવા તરીકે સ્વીકાર્યોનહોતો તેમજ વીડીયો ફુટેજની એફએસએલમાં તપાસ પણ કરાવી નહોતી.તેની સાથે કોર્ટે કહ્યુ હતું કે પહેલુખાનના પુત્રો આરોપીઓને ઓળખી શક્યા નહોતા.જેના આધારે કોર્ટે તમામ આરોપીઓને મુક્ત કરી દીધા હતા.અદાલતે આદેશ આપ્યા બાદ અદાલતની બહાર ભારત માતા કી જયના નારા લગાવવાનુ શરુ કર્યુ હતું.જેણે ઘટનાનો વીડીયો બનાવ્યો હતો તેણે કોર્ટમાં જઈને જુબાની આપી નહોતી.

કેસમાં પીડીતોના વકીલે કહ્યુ હતું કે નિર્ણયની કોપી મળ્યા બાદ તેનો અભ્યાસ કરીને તેઓ આ નિર્ણયને ઉપરી કોર્ટમાં પડકારશે.જો કે કેટલીક બાબતો પડકારજનક છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

દેશનું અર્થતંત્ર ભારે મંદીમાંથી પસાર થઈ રહ્યું છે.ત્યારે જ સરકારે તમામ બેન્કોને આ મંદીમાંથી બહાર કેવી રીતે લાવવી તે માટે મહામંથન કરવા આદેશ આપ્યા છે.જેના કારણે દેશભરમાંથી સુચનો આવશે અને મંદીમાંથી દેશને ઉગારવા માટે કેવા પગલાં લેવા જોઈએ તે બાબતે વિચારણા કરવામાં આવશે.જો કે દેશના અર્થતંત્રને કૌભાંડોના પગલે મોટો માર પડ્યો છે.બેન્કોની હાલની એનપીએ ઘટાડવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.પરંતુ તે એટલું સરળ નથી.કેટલીક બેન્કોનું મર્જર કરવાની વાત છે તેને અગત્યતા આપવા માટે પણ વિચારણા ચાલી રહી છે. પરંતુ હવે આ બધા પ્રયત્નો માત્ર ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવા છે.સરકારે નવી બેન્કીંગ પોલીસી બનાવવી પડશે.તેમજ બેન્કોનો વિકાસ કરવો હોય તો રિટેલ ક્ષેત્રે કરી શકાય,એગ્રીકલ્ચરલ ક્ષેત્રને પ્રાધાન્ય આપી શકાય પરંતુ કોર્પોરેટ ક્ષેત્રનું વર્ચસ્વ ઘટાડવું પડશે.તેવું પણ વિચારણા હેઠળ છે.

સરકારની નજર હાલમાં કેશ લીક્વીડીટી વધારવા માટે રિઝર્વ બેન્ક પાસેથી વધારના નાણાં લઈ લેવા, એલઆઈસી અને પોસ્ટ જેવા ખાતાઓમાં પડેલી બચતોના નાણાં બહાર લાવવા વિગેરે ઉપર બાજ નજર રાખી રહ્યા છે. જો રિઝર્વ બેન્ક પાસેથી સરકાર નાણાં લઈ લેશે તો પછી રિઝર્વ બેન્કની અવદશા થવી નક્કી છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારે જે રીતે આર્થિક વ્યવસ્થાનો ઉપયોગ કર્યો છે તેનાથી આવનારા દિવસોમાં ભારે મંદીનો સામનો કરવો પડશે.દેશના નાણાં મંત્રીઓ દેશના અર્થતંત્રને મજબુતી આપવામાં નિષ્ફળ રહ્યા છે.તેમના દ્વારા બહાર પડાતા આંકડાઓ માત્ર ગુમરાહ કરવાની માયાજાળ જેવા સાબિત થયા છે. દેશમાં મોંઘવારીનો આંક એટલે બધો વધી ગયો છે કે સામાન્ય નાગરિક તોબાહ પોકારી ગયો છે. દેશના સામાન્ય નાગરિકને મંદિંર હોય કે ૩૭૦ એનાથી શુ થવાનું છે. પેટ ભરવા માટે મોઘવારી ઘટવી જરુરી છે. જે શક્ય બની નથી.સામાન્ય અને મધ્યમવર્ગીય લોકો માટે જીવન નિર્વાહ માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.માત્ર મેળાવડા, સંમેલનો શિબરો કે મહામંથનના કાર્યક્રમો દેશના નાગરિકોને મોંઘવારીમાંથી છુટકારો આપી શકશે. દેશની બેન્કોના નાંણા તો અમીરો જમી જાય છે અને બધો ભાર વેઢારવાનો વખત સામાન્ય નાગરિકો ઉપર છે.

## મંતાવ્ય

દેશની આર્થિક સમસ્યા તેમજ અન્ય સામાજિક સમસ્યાઓ પર પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનીક મીડીયા ધ્યાન આપતાં નથી.બીન જરુરી સમાચારોને વધુ ફ્લેશ કરવા અને કોઈની ખાસ ભક્તિ કરવા સિવાય એમની પાસે કોઈ પુરતી સામગ્રી હોતી નથી. દેશમાં શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓ કેટલી મોંઘી અને તેનો પુરવઠો ઉપલબ્ધ બનતો નથી તેવી કોઈ સમસ્યાઓ પર ફોકસ કરવામાં આવતું નથી. સરકાર જે માત્ર લોકો માટે છે અને મીડીયા લોકોની જરુરીયાતો માટે સરકારના કાન આમળી શકે તેવું શક્તિમાન રહ્યુ નથી.હજુ તો આ દેશ લોકશાહીનાનામે ચાલી રહ્યો છે .આવનારા દિવસો એવું બતાવી રહ્યા છે કે મીડીયા માટે વધુ કડકાઈના દિવસો આવશે ત્યારે શું થશે ?

સુધીર કે મહેતા

# એનડીએ સરકારના ભુતપુર્વ વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજનું નિધન

ભાજપના સિનિયર નેતા અને પુર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજનું નિધન થયું છે.તેઓ ૬૭ વર્ષના હતા.તેમને ગંભીર હાલતમાં હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.ત્યાં તેમને હાર્ટ એટેક આવ્યો હતો.દિલ્હીની એઈમ્સ હોસ્પીટલમાં તેમનું નિધન થયું હતું .સ્વરાજે તેમના ટ્વીટર પરથી વડાપ્રધાન મોદીને તેમની સરકારને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરવાના પગલાં બદલ અભિનંદન પાઠવ્યા હતા.તેમણે લખ્યું હતું કે હું મારા જીવનના આ દિવસ જોવા માંગતી હતી.તેમના નિધનથી દેશને મોટી ખોટ પડી છે. તેઓ વ્યવસાયે વકીલ હતા.તેઓ મોદી સરકારમાં પ્રથમ કાર્યકાળમાં વિદેશ મંત્રી તરીકે ફરજ બજાવી હતી.ઈન્દીરા ગાંધી બાદ તેઓ વિદેશમંત્રી બનનારા બીજા મહિલા હતા. તેઓ સાત વખત સંસદમાં ચુંટાયા હતા. અને ત્રણ વખત ધારાસભ્ય બન્યા હતા.તેઓ ૨૬ વર્ષની વયે સૌ પ્રથમ વાર હરિયાણા રાજ્યમાં કેબિનેટ મંત્રી બન્યા હતા.કોઈ મહિલા આટલી નાની વયે મંત્રી બને તે ભારતનો સૌથી પ્રથમ કિસ્સો હતો.તેમણે દિલ્હીના પાંચમાં મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

સુષ્મા સ્વરાજ ભરતના સૌથી લોકપ્રિય રાજકારણી તરીકે ચાહના મળી હતી.૨૦૧૯માં તેમણે ચુંટણી લડવાનો ઈન્કાર કર્યો હતો.તેમણે અગાઉ કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હતું અને તેમની તબીયત નાજુક રહેતી હતી. આ કારણે તેમણે રાજકારણમાંથી અલિપ્ત થવાનો નિર્ણય લીધો હતો.

સુષ્મા સ્વરાજને નામે અનેક રેકોર્ડ છે. જેને હવે દેશ યાદ રાખશે. તેઓ ૧૯૭૭માં૨૫ વર્ષના હતા ત્યારે કેબીનોટ મંત્રી બન્યા હતા.૧૯૭૭થી ૧૯૭૯ સુધી સામાજિક કલ્યાણ,શ્રમ અને રોજગાર જેવા આઠ મંત્રાલય તેમણે સંભાળ્યા હતા.ત્યારબાદ ૨૭ વર્ષની વયમાં ૧૯૭૯માં તેઓ હરિયાણા ભાજપના રાજ્ય અધ્યક્ષ બન્યા હતા.તેઓ રાષ્ટ્રીય સ્તરની રાજકીય પાર્ટીના પ્રથમ મહિલા પ્રવકતા હોવાનું ગૌરવ ધરાવે છે. આ ઉપરાંત તેઓવિપક્ષના પ્રથમ મહિલા નેતા રહ્યા હતા.

તેઓનો જન્મ અંબાલા છાવણીમાં ૧૪ ફેબ્રુઆરી,૧૯૫૩ માં થયો હતો.તેઓએ પંજાબ યુની.ચંડીગઢમાંથી કાયદાની ડીગ્રી મેળવી હતી.અભ્યાસ પુર્ણ કર્યા બાદ તેમણે જયપ્રકાશ આંદોલનમાં ભાગ લીધો હતો.ઈમરજન્સીનો પુરજોશમાં વિરોધ કર્યા બાદ તેઓ રાજકારણમાં જોડાયા હતા.તેઓ ભારતીય સંસદના પ્રથમ અને એકમાત્ર મહિલા સભ્ય હતા જેમને આઉટસ્ટેન્ડીંગ પાર્લામેન્ટરીયન સન્માન મળ્યું હતું.તેમના પતિ પણ સ્વરાજ કૌશલ રાજકારણ માં સક્રીય હતા.કટોકટી બાદ તેઓ બાજપમાં જોડાયા હતા.તેમના પિતા આરએસએસના સક્રિય સભ્ય હતા.



સુષ્મા સ્વરાજે ૧૯૭૭માં સુપ્રીમ કોર્ટમાં વકીલ તરીકે પ્રેકટીસ કરી હતી..તેમણે ૧૯૭૦ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં જોડાઈને રાજકારણ તરફ પગ માંડ્યા હતા.સુષ્મા સ્વરાજ જયોર્જ ફર્નાન્ડીઝની લીગલ ડિફેન્સ ટીમમાં સામેલ રહ્યા હતા.

ભાજપના સિનિયર નેતાઓમાં સુષ્મા સ્વરાજનું અનોખુ સ્થાન હતું. જો કે નરેન્દ્ર મોદીના ઉદય્ બાદ કેટલાક નેતાઓ વિરોધી છાવણીમાં હતા. જેમાં સુષ્માજી વૈચારીક રીતે વિરોધી હોવાના નાતે તેને સાઈડમાં કરાયા હતા.

# દેશમાં નાણાંકીય કટોકટીની ગંભીર પરિસ્થિતિ સર્જાઇ છે : કોગ્રેસ

દેશની અર્થવ્વયસ્થાની ગંભીર હાલતને લઈને કોગ્રેસ પાર્ટીએ મોદી સરકારની પર આકરા શબ્દોમાં ટીકા કરી છે.કોગ્રેસના દિલ્હી સ્થિત હેડક્વાર્ટસમાં પાર્ટી પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ મીડીયા સાથેની વાતચીતમાં કહ્યુ કે દેશની અર્થ વ્યવસ્થા ખુબ ખરાબ છે. અને મોદી સરકાર આડી અવળી વાતો કરી રહી છે.તેમનું કહેવું છે કે નાણાંકીય કટોકટી સર્જાઈ છે.સિંઘવીએ મોદી સરકારની ૧૦ નિષ્ફળતાઓ જણાવી હતી. તેમણે કહ્યુ હતું કે ઓટો ઉદ્યોગમાં ૩૧ ટકાનો ઘટાડો થયો છે.ફક્ત કાર ઉદ્યોગમાંજ ૨૩ ટકાનો ઘટાડો થયો છે. દ્રિચક્રી વાહનોમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે. ટ્રેકટરમાં ૧૪ ટકાનો ઘટાડો નોધાયો છે.

મોટાભાગના ઊદ્યોગો મંદીના મારમાં ઝોલા ખાઈ રહ્યા છે. દેશના નાગરિકો મોંધવારીનો સામનો કરી રહ્યા છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે જીવનજરુરીયાતની ચીજ વસ્તુઓ,શાકભાજી ખુબજ મોઘા છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સ્વાતંત્ર્ય પર્વની સૌને હાર્દિક શુભકામના.....

## ન જાતિવાદ...ન જ્ઞાતિવાદ.....ન પ્રાંતવાદ ... ન ભાષાવાદ......ન કોમવાદ......

**માત્રને માત્ર**

## રાષ્ટ્રવાદ

# ૭૦મું
# સ્વાતંત્ર્ય પર્વ

**એક ભારત શ્રેષ્ઠ ભારત**
**ઉજ્જવલ અને ઉન્નત ભારત માટે**
**આવો આપમે સૌ સાથે મળીને પ્રતિબધ્ધ થઇએ.**

**પોતાના પ્રાણની આહુતિ આપી જાત ખપાવી**
**દેનારા વીરોને નમન કરીએ દેશ માટે જીવીએ,**
**દેશ માટે સમર્પિત થઇએ.**

**વિકાસ પ્રક્રિયાનું સાતત્ય જાળવી એક ભારત શ્રેષ્ઠ ભારતનો માર્ગ પ્રશસ્ત કરીએ.**

**નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

# મોદી સરકારની મુસ્લીમ મહિલાઓને સશક્ત ભેટ : રાજ્યસભામાં ત્રણ તલાક ખરડાને ઐતિહાસિક મંજુરી

મુસ્લીમ મહિલાઓને એકીસાથે ત્રણ તલાક આપવાને ગુનો જાહેર કરતો ઐતિહાસિક ખરડો રાજ્યસભામાં પસાર થયો છે.પહેલાં લોકસભા અને હવે રાજ્યસભામાં પસાર થયેલા મુસ્લીમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) ખરડો હવે રાષ્ટ્રપતિના દરબારમાં જશે.રાષ્ટ્રપતિની મંજુરી મળ્યા બાદ તે કાયદાનું સ્વરુપ ધારણ કરશે. સંસદના બંન્ને ગૃહોમાં પસાર થયા બાદ હવે ત્રણ તલાક ગેરકાનુની ગણાશે તથા દોષીને ૩ વર્ષની સજા થશે સાથે સાથે પીડીત મહિલાઓ પોતાના અને સગીર સંતાનો માટે ખોરાકી માંગી શકશે.

રાજ્યસભામાં રજુ કરવામાં આવેલા ત્રણ તલાક ખરડાને મતદાનમાં ૯૯ વિરુધ્ધ ૮૪ વોટ મળ્યા હતા.બસપા,પીડીપી,ટીઆરએસ,જેડીયુ, એઆઈએડીએમક,અને ટીડીપી વિરોધમાં વોટીંગ કર્યુ હતું. તેમજ ઘણા પક્ષોએ વોટીંગમાં ભાગ ન લેતાં સરકાર માટે ખરડો પસાર કરવાનું સરળ બન્યું હતું.ખરડામાં ત્રણ વર્ષની સજાની જોગવાઈનો કોગ્રેસે વિરોધ કર્યો હતો.કોગ્રેસના રાજ્યસભાના વિપક્ષી નેતા ગુલામનબી આઝાદે ૩ વર્ષની સજાનો વિરોધ કરતાં કહ્યુ હતું કેઆ ખરડાને સિલેક્ટ કમિટિ સમક્ષ મોકલવાની અમારી માંગ છે. જો કે ખરડાને સિલેક્ટ કમિટિ પાસે મોકલવાનો પ્રસ્તાવ ૮૪ વિરુધ્ધ ૧૦૦ વોટથી રદ બાતલ થયો હતો.

ઓગષ્ટ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે ત્રણ તલાકને ગેરબંધારણીય ઠરાવ્યો હતો.અને સરકારને કાયદો બનાવવાનો આદેશ આપ્યો હતો.સરકારે ડિસેમ્બર ૨૦૧૭માં લોકસભામાં મુસ્લીમ મહિલા(વિવાહ અધિકાર સંરક્ષણ) ખરડો પસાર કરાવ્યો હતો. પરંતુ રાજ્યસભામાં આ ખરડો અટકી પડ્યો હતો.૨૦૧૮માં આ ખરડામાં સરકારે સુધારા કર્યા હતા જો કે ફરી વાર તે રાજ્યસભામાં આ ખરડો અટકી ગયો હતો.ત્યારબાદ સરકારે સપ્ટે.૨૦૧૮માં વટહુકમ લઈને આવી હતી. તેમાં વિપક્ષની માંગ હતી તે સામેલ કરવામાં આવી હતી. ચાલુ વર્ષની ૨૬મી જુલાઈએ ત્રણ તલાક ખરડો લોકસભામાં પસાર થયો હતો. અને આખરે તે રાજ્યસભામાં પસાર થતાં હવે તે કાયદાના સ્વરુપે જોવા મળશે.

# આકરા દંડની જોગવાઇ સાથેનું મોટર વ્હીકલ બિલ રાજ્યસભામાં પાસ થતાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ લોકો દંડાશે

રાજ્યસભામાં મોટર વ્હીકલ બિલ પસાર કરી દેવાયું હતું. આ બિલ પસાર થતાંજ ડ્રાઈવીંગ લાઈસંસ ઈસ્યુ કરવા અને ટ્રાફિકના ઉલ્લંઘન અંગે આકરા દંડની જોગવાઈ કરવામાં આવી છે.આ બિલમાં માર્ગ સુરક્ષા માટે વધુ કડક કદમો ઉઠાવવામાં આવ્યા છે.ઉપલા ગૃહે મોટર વ્હીકલ(સુધારો) બિલ ૨૦૧૯ને ૧૦૮ વિરુધ્ધ ૧૩ મતથી પસાર કર્યુ હતું.રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતીન ગડકરીએ આ બિલમાં ત્રણ સુધારા સુચવ્યા હતા. આ બિલમાં ટ્રાફિકના ભંગ બદલ મોટા દંડની જોગવાઈ કરવામાં આવી છે.આ ઉપરાંત અકસ્માતમાં મોતના કેસમાં રુપીયા પાંચ લાખ અને ગંભીર ઈજાઓના કેસમાં સવાબે લાખ રુપીયાની જોગવાઈ કરવામાં આવી છે.ટ્રાફિક ભંગમાં હવે દસ ગણો વધારે દંડ ભરવાનો રહેશે.ગડકરીએ કહ્યુ હતું કે દેશમાં આજે ૨૨થી ૨૫ લાખ ડ્રાઈવરોની જરુર છે.અને ગેપ પુરી કરવા માટે ટ્રેનીગ સેન્ટરો હોવા જરુરી છે.સમગ્ર દેશમાં આવા ટ્રેનીંગ સેન્ટરો ખોલવા માટે એક કરોડની સબસીડી કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવશે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**






દિલ્હી ખાતે ૧૫મી ઓગષ્ટની ઊજવણી દરમિયાનનું એક દ્રશ્ય


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ભારત માટે એવી આશંકા છે કે તેમાં પાણી ખતમ થવાની તૈયારીમાં છે.આવનાર દિવસો અતિ જળસંકટ ભરેલા રહેશે

ભારત વિશ્વના એ ૧૭ દેશોમાં સામેલ છે જે અત્યંત ગંભીર જળસંકટનો સામનો કરી રહ્યું છે. એવી આશંકા છે કે આ દેશો પાણી ખતમ થવાની સ્થિતિ સુધી પહોચવાની તૈયારીમાં છે. એક જારી કરાયેલા રિપોર્ટમાં આવી ચેતવણી આપવામાં આવી છે. વર્લ્ડ રીસોર્સિસ ઈન્સ્ટીટ્યુટના એકવાડકટ વોટર રિસ્ક એટલાસ દ્વારા ૧૮૯ દેશો તથા તેમના રાજ્યો જેવા ક્ષેત્રોમાં જળસંકટ,દુષ્કાળની આશંકા અને નદીઓમાં પુરની આશંકા અંગે રેન્કીંગ જારી કર્યુ હતું. રિપોર્ટ અનુસાર અત્યંત ગંભીર જળ સંકટ ધરાવતા દેશોની યાદીમાં ભારતને ૧૩માં ક્રમે રાખવામાં આવ્યું છે. અહીં નોધનીય વાત એ છે કે ગંભીર જળસંકટ ધરાવતા ભારતમાં આ શ્રેણીમાં સામેલ અન્ય ૧૬ દેશોની જનસંખ્યા કરતાં ત્રણ ગણાથી વધુ વસતી છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઉત્તર ભારતમાં ભુગર્ભીય જલ સ્તર ગંભીર રીતે નીચે ઉતરી ગયું છે. અને તે રિપોર્ટના નકશામાં દર્શાવાયું છે. ઉલ્લેખનીય છે કે ભારતને જળસંકટનો મામલે આ યાદીમાં પ્રથમવાર સામેલ કરવામાં આવ્યું છે.

ભારતના જળ સંશાધન મંત્રાલયના પુર્વ સચિવ તથા ડબલ્યુઆરઆઈ ઈન્ડીયાના સીનિયર ફેલો શશી શેખરે કહ્યુ હતું કે ચેન્નાઈમાં હાલમાં વ્યાપેલા જળસંકટે સમગ્ર વિશ્વનું ધ્યાન દોર્યુ છે. પરંતુ ભારતમાં અન્ય વિવિધ ક્ષેત્રોમાં પણ જળસંકટની સ્થિતિ ગંભીર છે. તેમણે કહ્યુ હતું કે ભારત વરસાદ,સપાટી અને ભુગર્ભીય જળ સાથે સંકળાયેલા વિશ્વસનીય અને નક્કર ડેટાની મદદથી રણનીતિ બનાવીને પોતાની સામે રહેલા જળસંકટનો સામનો કરી શકે છે. તેમણે કહ્યુ હતું કે એક્વાડકટ ભારતમાં અને દુનિયાભરમાં પ્રાથમિક જળ સંકટની ઓળખ કરવામાં મદદ કરી શકે છે.

એક્વાડકટનું અપડેટેડ હાઈટ્રોલોજીકલ મોડેલ સચોટ અને ગંભીર એવું જળસંકટનું ચિત્ર રજુ કરી શકે છે.વર્લ્ડ રિસોર્સિસ ઈન્સ્ટીટ્યુટના સીઈઓ અને પ્રમુખ એન્ડુ સ્ટીઅરે કહ્યુ હતું કે પાણીનું સંકટ આજના સમયની સૌથી મોટી સમસ્યા છે.પણ તેના વિશે કોઈ વાત કરતું નથી. આ સમસ્યાના પરિણામે ખાદ્યાન સુરક્ષા જોખમાઈ શકે છે.ઉપરાંત અથડામણો અને હિજરતો પણ થઈ શકે છે. જેના કારણે આર્થિક અસ્થિરતા પૈદા શકે છે. સ્ટીઅરે કહ્યુ હતું કે એક્વડકટના નવા અપડેટેડ ટુલ્સથી જળસંકટ વિશે વધુ સારી રીતે સમજી શકાય છે અને સ્માર્ટ નિર્ણયો લેવામાં મદદ મળી શકે છે.એક્વેડેક્ટ વિશ્વભરમાં જળ સંકટની ગંભીરતા ધરાવતા સ્થળો પર પ્રકાશ પાડી શકે છે.ગંભીર જળસંકટના આરે પહોચેલા ભારત ઉપરાંત આ યાદીમાં કતાર,ઈઝરાયેલ,લેબેનોન,ઈરાન,જોર્ડન,લિબિયા,કુવૈત,સાઉદી અરેબીયા,ઈરીટ્રીયા,યુએઈ,સાન મારિનો,બહેરીન, પાકિસ્તાન,તુર્કિમેનિસ્તાન, ઓમાન,અને બોટ્સવાના છે.

## જાણવા જેવું

એલીફન્ટ સીલ દસ મિનિટ જેટલા સમય સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે. કોઈ પણ દરિયાઈ જીવ આટલો લાંબો સમય સુધી શ્વાસ રોકી શકતું નથી. સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.